ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૪૨.૮ ડીગ્રી
લઘુતમ : ૨૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૯ ટકા ● સાંજે ૨૧ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરીજનો માટે ઈલેકટ્રીક વાહનો ઉત્તમ વિકલ્પ

મોંઘવારીમાં ૧૦૦ની પાર પેટ્રોલના ભાવની સામે ઈલેકટ્રીક વાહનોની ખરીદી ઉત્તમ વિકલ્પ ગણતા શહેરીજનો ઈલેકટ્રીક વાહનોની ખરીદી કરવાનું પસંદ કરી રહ્યા છે

ગાંધીનગર, તા.૯

શહેરમાં પેટ્રોલ-ડિઝલના ભાવ સેન્ચુરી વટાવી ચુકયા છે. વધતી જતી મોંઘવારીના કારણે શહેરીજનોને વાહનો ચલાવવા ખૂબ મોંઘા સાબિત થઈ રહ્યા છે. કામ વગર નાગરિકો વાહનો ફેરવવાનું ટાળી રહ્યા છે ત્યારે મોંઘવારી તો દિવસેને દિવસે વધતી જ જઈ રહી છે તેથી નાગરિકો હવે ઈલેકટ્રીક યુગ તરફ પ્રયાણ કરી રહ્યા છે. ધીમે ધીમે નાગરિકો પેટ્રોલના વધતા ભાવ વધારાને લઈને પેટ્રોલ અને ડિઝલના વાહનોથી ધ્યાન હટાવી રહ્યા છે અને ઈલેકટ્રીક કાર, ઈલેકટ્રીક બાઈક-સ્કુટર્સની ખરીદી તરફ વળી રહ્યાં છે. ઘણી બધી જગ્યાએ ઈલેકટ્રીક વાહનોનો વપરાશ વધવા પામ્યો છે. એટલે હવે મોંઘવારીના કારણે ઈલેકટ્રીક યુગની શરૂઆત ટૂંક સમયમાં શરૂ થશે તેમ લાગી રહ્યું છે. અત્યારે ઘણા બધા ટુ અને ફોર વ્હીલર માર્કેટમાં ઉપલબ્ધ છે અને તેની ડિમાન્ડ દિવસે દિવસે વધી રહી છે. ટ્રાન્સપોર્ટેશન સર્વિસ આપતી ઓનલાઈન પોર્ટલ સર્વિસ ઓલા દ્વારા લોન્ચ કરવામાં આવેલા સ્કૂટરની

માર્કેટમાં ડીમાન્ડ વધશે. આ ઈલેકટ્રીક સ્કૂટર માટે ઓનલાઈન પ્રિ રજીસ્ટ્રેશન શરૂ કરતાં જ તેના ચાહકોએ રેકોર્ડ પ્રિ-રજીસ્ટ્રેશન કરાવ્યું છે અને રજીસ્ટ્રેશનનો આંકડો ખૂબ મોટો જોવા મળ્યો છે. હોન્ડા કંપની દ્વારા પોતાનું એકિટવા ઈલેકટ્રિક વર્ઝનમાં લોન્ચ કરવામાં આવશે. હોન્ડા મોટરસાઈકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયા ૨૦૨૩ સુધીમાં એકિટવા ઈલેકટ્રીક સ્કૂટર લોન્ચ કરશે.

ગાંધીનગરમાં પણ વધતી જતી વસ્તીની સામે શહેરમાં ટ્રાફિક સમસ્યાઓ વધી રહી છે. ગાંધીનગર પણ અમદાવાદની જેમ રાત દિવસ વાહનોથી ધમધમી ઉઠે તેવા દિવસો નજીક દેખાઈ રહ્યા છે. શહેરમાં વાહનોના વધવાથી શહેરની હવામાં પ્રદૂષણની માત્રા વધી રહી છે. કલાઈમેટ ચેન્જની અસર પણ વર્તાઈ રહી છે તેથી ઈલેકટ્રીક વાહનો એક ઉત્તમ વિકલ્પ સાબિત થઈ શકે તેમ છે.

●● ઈલેકટ્રીક વાહનોની માંગ કેમ વધી રહી છે ? ●●

- વિશ્વ હવે જૈવિક ઈંધણની ઝંઝટમાંથી છૂટવા માંગે છે ભારત પણ તેમાં રસ દાખવી રહ્યું છે.
- સોસાયટી ઓફ ઈન્ડિયન ઓટોમોબાઈલ મેન્યુફેકચર દ્વારા શ્વેતપત્ર બહાર પાડીને કહ્યું છે કે ૨૦૩૦ સુધી કુલ વાહનોના વેચાણમાં ૪૦ ટકા અને ૨૦૪૭ સુધી ૧૦૦ ટકા ઈલેકટ્રીક વાહનોનું લક્ષ્ય છે.
- ભારત પોતાની મહત્વાકાંક્ષી ઈલેકટ્રીક વાહન નીતિ મારફતે ૨૦૩૦ સુધી રોડ અને પરીવહન મારફતે જ ૬૪ ટકા ઉર્જા બચાવી શકે છે અને ૩૭ ટકા કાર્બન ઉત્સર્જન ઓછું કરી શકે છે. સાથે સાથે ૬૦ બિલિયન ડોલર બચાવી શકે છે.
- ૨૦૧૫-૧૭ દરમિયાન ઈલેકટ્રીક વાહનોના વેચાણમાં સાતગણો વધારો નોંધાયો છે.

●● કેમ જરૂરી છે ઈલેકટ્રીક વાહનો? ●●

- વિશ્વના ૨૦ સોથી વધુ પ્રદૂષિત શહેરોમાં ૧૪ ખાલી ભારતનાં જ છે વાયુ પ્રદૂષણને કારણે દર વર્ષે લાખો નાગરિકો અકાળે પોતાનું જીવન ગુમાવી રહ્યા છે ત્યારે અહીંયાનું પરિવહન વધુમાં વધુ પેટ્રોલ-ડીઝલ મુકત બનાવી પર્યાવરણમાં ફેલાયેલી ઝેરીલી હવા પર ઘણા ખરા અંશે કાબૂ મેળવી શકાશે.

જિલ્લાના બિલોદરા ગામમાં ૮મી મેના રોજ ૨૧ કુંડી નવચંડી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આદ્યશકિત ભવાની મંદિર ચોક ખાતે પંચાલ પરિવાર સમાજ દ્વારા યજ્ઞ કરવામાં આવ્યો હતો. જેમાં દર્શનનો લાભ લેવા માટે મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા.

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ગુજરાત સ્થાપના દિવસે છાત્રેશ્વરી તથા વાંટડા તાલુકા ખાતે મોડાસામાં કુલ ૭૦ લાભાર્થીઓને ૧૦ જેટલી વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ૨ કિ.ગ્રા. ચોખા, મગદાળ, હળદર, મરચું, ચા, બે પ્રકારના સાબુ, કોપરેલ, ૫૦૦ એમએલ છાસના પાઉચ વિગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકીય પ્રવૃત્તિમાં મહેશસિંહ વાઘેલા, મિલિન્દભાઈ તથા સુરેશ ડામોર સાથે રહી સેવાકાર્ય કર્યુ હતુ.

જે.એમ. ચૌધરી વિદ્યાલયની બહેનોની ટીમ જિલ્લા કક્ષા એ ઝળકી

ગાંધીનગર, તા.૯

જિલ્લા કક્ષાની સ્પર્ધા એસ એ આઈ, સેકટર -૧૫ ખાતે યોજાઈ હતી. જેમાં જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની ટીમ અંડર -૧૭ એ- તૃતીય, બી-ટીમ પ્રથમ નંબર, સી-ટીમ -દ્વિતીય નંબર તેમજ ઓપન વિભાગની બહેનો એ તૃતીય નંબર અને અંડર ૧૪ ની બહેનો એ પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો.

આ ખેલાડી મિત્રોને શાળાના આચાર્ય રમીલાબેન એસ. ચૌધરી તેમજ શાળાના વ્યાયામ શિક્ષિકા બહેનો લીલાબેન ચૌધરી, હેતલબેન દેસાઈ તેમજ સમગ્ર શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં. આ સાથે પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ ખેલાડી બહેનો જિલ્લાનું તેમજ શાળા નું પ્રતિનિધિત્વ રાજ્ય કક્ષાએ કરશે.

ગાંધીનગર ખાતે અનુસૂચિત જાતિ સમાજ દ્વારા મુખ્યમંત્રીશ્રીનું અભિવાદન

ગાંધીનગર, તા.૯

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે સમાજનો છેવાડાનો માનવી પણ વિકાસના મુખ્ય પ્રવાહમાં આવે તેવા કલ્યાણકારી વિચાર સાથે વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં સરકારે અનેક વિકાસ યોજનાઓ અમલી બનાવી છે. જે સમાજ હજુ પણ મુખ્ય પ્રવાહથી વંચિત છે તે આગળ આવે તે માટે સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસના મંત્રથી સૌને સાથે મળી કાર્યરત થવા તેમણે અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વની રાજ્ય સરકારે અનુસૂચિત જાતિઓના સર્વગ્રાહી ઉત્કર્ષ માટે કરેલા આયોજનનો રૂણ સ્વીકાર કરવા અનુસૂચિત જાતિ મોરચાના ઉપકમે મુખ્યમંત્રીશ્રીનું સન્માન-અભિવાદન યોજવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે અનુસૂચિત જાતિ,

વંચિતો, જરૂરતમંદ પરિવારો-લોકો માટે જે ઉત્કર્ષ અને કલ્યાણ યોજનાઓ, કોરોનામાં ફ્રી વેક્સિનેશન, વિનામૂલ્યે અનાજ વિતરણ અમલી કર્યા છે તે માટે પ્રધાનમંત્રીશ્રીનો પણ રૂણસ્વીકાર સમાજવતી કર્યો હતો.

શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના આ વર્ષના બજેટમાં ૪૭૦૦ કરોડ રૂપિયા અનુસૂચિત જાતિઓના વિકાસ કામો અને યોજનાઓ માટે ફાળવ્યા છે તેમ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે, અનુસૂચિત જાતિ વર્ગોના યુવાનો પાયલોટ જેવી ઉચ્ચ કારકીર્દીમાં જોડાઈ શકે તે માટે ૪૩ યુવાનોને પાયલોટ તાલીમ સરકારે આપી છે.

સરકારની વિવિધ સહાય મેળવવાની વાર્ષિક આવકમર્યાદા પણ અઢી લાખ રૂપિયાથી વધારી રૂપિયા ૬ લાખ સુધીની કરી આપી છે તેમ તેમણે ઉમેર્યું હતું.

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી પ્રદિપભાઈ પરમાર, મહિલા બાળકલ્યાણ રાજ્યમંત્રી શ્રીમતી મનિષાબહેન વકીલે પણ પ્રાસંગિક સંબોધનો કર્યા હતા.

આ પ્રસંગે અનુસૂચિત જાતિ મોરચાના રાષ્ટ્રિય અગ્રણી અને પૂર્વ સાંસદ શ્રી શંભુપ્રસાદ ટુંડીયા, શ્રી ભોલાસિંહ, ધારાસભ્યોશ્રી હિતુ કનોડીયા, શ્રી કરશનભાઈ, શ્રી લક્ષ્મણ સાગઠીયા, ગાંધીનગરના મેયર શ્રી હિતેશ મકવાણા અને વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓએ ઉપસ્થિત રહી મુખ્યમંત્રીશ્રીનું ભાવભર્યુ અભિવાદન કર્યુ હતું.

માસ્ટર એથ્લેટીક્સ સ્પર્ધામાં શાન્તાબેન બુબડીયાને ગોલ્ડ મેડલ

ગાંધીનગર, તા. ૯

૪૨મી નેશનલ માસ્ટર એથ્લેટીક્સ ચેમ્પિયનશીપ ચેન્નાઈ-તામિલનાડુ ખાતે ૨૭ એપ્રિલથી ૧ મે દરમ્યાન યોજાઈ હતી. જેમાં ગાંધીનગર જિલ્લાના ૧૧ ખેલાડીઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. તે પૈકી શાન્તાબેન સોમેશ્વર બુબડીયાએ ૩૦૦ મીટર હડલ્સમાં ગોલ્ડ મેડલ મેળવી ગુજરાત તથા ગાંધીનગર જિલ્લાનું ગૌરવ વધાર્યુ છે. તેમજ માર્ચ-પાસ્ટમાં ગુજરાતની ટીમે રનર્સઅપની ટ્રોફી જીતીને નામના મેળવી હતી.

વાસુપૂજય સ્વામીની વર્ષગાંઠ નિમિત્તે જૈન પરિવાર દ્વારા ઉજવણી

વાસુપૂજય સ્વામી જીનાલય, સેકટર-૭ ગાંધીનગરની ૧૯મી વર્ષગાંઠ નિમિત્તે કિર્તીભાઈ શાહ પરિવાર દ્વારા આચાર્ય ભગવંતની નિશ્રામાં ધ્વજારોહણ ઉજવવામાં આવ્યો હતો. જેમાં ખૂબ મોટી સંખ્યામાં જૈન પરિવારોએ હાજરી આપી હતી.

શહેરમાં સાઈન બોર્ડ અને વૃક્ષોની સંતાકૂકડી

સેકટર-૧૧ થી પથિકાશ્રમ તરફ અને વાવોલ જવાના માર્ગ પર સાઈન બોર્ડ વૃક્ષોના કારણે અદશ્ય : વૃક્ષોનું ટ્રીમીંગ અનિવાર્ય

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરમાં માર્ગોની વ્યવસ્થા સુંદર રીતે કરવામાં આવી છે. જેમાં ક રોડ થી જ રોડ ઉભા અને આડા અલગ અલગ નામની સાથે સર્કલોની રચના દ્વારા બનાવવામાં આવ્યા છે. જેમાં ગાંધીનગરમાં વર્ષોથી રહેતા નાગરિકોને અવરજવર માટે મુશ્કેલીઓ પડતી નથી તેમના માટે દરેક માર્ગો અને દરેક સેકટરના ખૂણે ખૂણા શોધવા સહેલા છે. જયારે શહેરની બહારથી આવતા અજાણ્યા માણસો હંમેશા ગોથા ખાઈ જતા હોય છે. શહેરમાં અજાણ્યા માણસોને જે તે સ્થળ મળી રહે તે માટે દરેક માર્ગો પર સાઈન બોર્ડ લગાવવામાં આવ્યા છે. પરંતુ અમુક વિસ્તારો જેવા કે ચ રોડથી પથિકાશ્રમ તરફ જવાના રોડની સાઈડ પર સાઈનબોર્ડ વૃક્ષોના અંદરના ભાગમાં સંતાઈ ગયેલા જોવા મળી રહ્યા છે. આ ઉપરાંત સેકટર-૧૩ થી વાવોલ જવાના માર્ગ પર મોટું સાઈન બોર્ડ થાંભલા ઉપર લગાવવામાં આવ્યું છે જે દૂરથી પણ કોઈ અજાણી વ્યકિત જોઈ શકે અને માર્ગ ઉપર ભૂલું ન પડે તે માટે અમુક સાઈન બોર્ડ ઊંચા થાંભલા ઉપર ગોઠવવામાં આવ્યા છે. આ જગ્યાએ મોટા મોટા ઘટાટોપ વૃક્ષોએ સાઈનબોર્ડ છુપાવી દીધા છે તેથી સાઈન બોર્ડ નજરે પડતા જ નથી. આમ તો ગાંધીનગર મનપા દ્વારા ટ્રીમીંગની કામગીરી હાથ ધરવામાં આવતી જ હોય છે પરંતુ આ બાબત હજી કોઈ જવાબદાર વ્યકિતના નજરે ચઢી નથી તેથી જ ઘણા દિવસોથી આ દેશ્યો જોવા મળી રહ્યા છે. અજાણી વ્યકિત સ્થળ શોધતા શોધતા આમ પણ પાટનગરમાં ગોથે ચઢી જાય છે જયારે તેમાં આવા સાઈન બોર્ડ છુપાઈ જવાથી વધારે મુશ્કેલી થઈ જાય છે. જો કે હવે તો ગુગલ મેપના સહારે મોટાભાગના નાગરિકો જે તે સ્થળ શોધી કાઢે છે પરંતુ ગુગલ મેપનો સહારો ન લેનારા નાગરિકોને અગવડ પહોંચે છે તેથી સાઈન બોર્ડ દેખાય સ્પષ્ટ રીતે તે માટે જવાબદાર તંત્ર દ્વારા ટ્રીમીંગ કરીને આટલી કામગીરી પ્રજાના હિત માટે કરવી જોઈએ.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે વિદ્યાર્થીઓ માટે રિસર્ચ અંગે વિશેષ વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૯

'વિદ્યાર્થીઓ દ્વારા કરાતાં સંશોધનો માત્ર અભ્યાસ કે શૈક્ષણિક કારકિર્દીના ભાગરૂપે જ નહીં પણ તેનાથી સમાજને લાભ થવો જોઈએ' તેવી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે યુનિવર્સિટીના

એકેડિટેશન વિભાગ અને મનોવિજ્ઞાન વિભાગ દ્વારા રિસર્ચ અંગે વર્કશોપનું આયોજન કરાયું. ૯મી એપ્રિલે યોજાયેલા આ રિસર્ચ વર્કશોપમાં અનુસ્નાતક અને પીએચ.ડી. કક્ષાના ૪૫ વિદ્યાર્થીઓ જોડાયા. વિદ્યાર્થીઓ પોતાના સંશોધનોનું પ્રકાશન સારી રીતે કરી શકે તે માટે તેમનામાં લેખનકૌશલ્ય ખીલે તેમજ સંશોધનોથી મળતી માહિતીનું કમ્પ્યૂટર સોફ્ટવેરના માધ્યમથી સચોટ, અસરકારક વિશ્લેષણ કરી શકે-તેની જાણકારી અને પ્રશિક્ષણ આપવાનો હેતુ આ વર્કશોપનો હતો. સંશોધન સમાજ માટે શું કામ જરૂરી છે તે અધ્યક્ષીય ઉદ્બોધનમાં કુલપતિ હર્ષદભાઈ શાહે સમજાવતા તેમણે જણાવ્યું હતું કે, સંશોધકે પોતાના વિષયની પસંદગી કરતી વખતે ચોક્કસ પ્રકારની કાળજી લેવી જોઈએ. ઉપરાંત સંશોધનો વ્યાવહારિક ઉકેલ લાવવા માટે હાથ ધરવાં જોઈએ. નાનાં બાળકોના ભાવવિશ્વને સમજવા માટે આ યુનિવર્સિટીની સ્થાપના કરાઈ હોવાનું પણ તેમણે જણાવ્યું. કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિએ આ વર્કશોપ સંશોધનના વિદ્યાર્થીઓ માટે પ્રેરક બની રહે તે પ્રકારના જુદા-જુદા વિષયોની ઊંડાણપૂર્વક ચર્ચા કરી.

વર્કશોપના તજજ્ઞ પ્રો.બી.ડી.ઢીલા અને પ્રો. સંજય ગુપ્તાએ સંશોધનનું પ્રકાશન એ ખૂબ જવાબદારીપૂર્વકનું અને ચીવટપૂર્વકનું કાર્ય હોવાનું જણાવ્યું. આ વર્કશોપના અંતિમ બે સત્રોમાં પ્રો. સતીશપ્રકાશ શુક્લાએ સંશોધન અંગેની માહિતીનું વિશ્લેષણ કરવાની એકસેલની જુદી-જુદી રીતોનું પ્રેક્ટિકલ કરાવ્યું. જેમાં તમામ સહભાગીઓએ લેપટોપનો ઉપયોગ કરીને માહિતીનું વિશ્લેષણ કરવાની પ્રેક્ટિસ કરી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. અંજના ચૌહાણે કર્યું, જયારે આભારવિધિ ડૉ. અશ્વિન નિસરતાએ કરી હતી.

જન્મદિને વધામણી

ડિમ્પલ દેસાઈ
લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના

ડો. વલ્લરી વંકાણી
મો. ૯૪૨૬૩ ૯૬૦૨૨

શાન્વી ચિંતન ઠક્કર
મો. ૯૮૯૮૧ ૨૭૦૦૦

અશોકભાઈ પરમાર
ટ્રસ્ટી, સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ

આરાધના વિદ્યાવિહારના ચેરમેને ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા

ગાંધીનગર, તા.૯

આરાધના વિદ્યા વિહાર, સેકટર-૨૮નું ઉચ્ચતર માધ્યમિક વિભાગ ધોરણ-૧૧ સામાન્ય પ્રવાહનું વાર્ષિક પરીક્ષાનું પરિણામ ૬મેના રોજ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ નંબરે માનકુમાર ચૌધરી (૮૦.૫૭ટકા), બીજા નંબરે જીગર પુરોહિત (૭૮.૫૭ ટકા), ત્રીજા નંબરે આનંદ ચૌધરી (૭૫.૧૪ ટકા) એ ઉત્તીર્ણ થવાથી આ પ્રથમ ત્રણ નંબરે ઉત્તીર્ણ થનારા વિદ્યાર્થીઓને ચેરમેન રમણભાઈ એ. પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

ગાંધીનગર દક્ષિણ વિધાનસભાનાં જમિયતપુરા ગામે ધારાસભ્ય શંભુજી ઠાકોરના હસ્તે પેવર બ્લોક નાંખવા માટે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં સાબરમતી વિસ્તારના કોર્પોરેટર ચેતનભાઈ પટેલ, ગામના સરપંચ, ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ, જમિયતપુરાના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ.ઠાકોર પોપટજી રોંઘાજી,** ઉ.વ. ૪૦ લેકાવાડા
- **સ્વ.ચૌહાણ લીલાબેન કાનાજી,** ઉ.વ. ૭૫, હાલીસા, દહેગામ
- **સ્વ.ઠાકોર અમરતજી અમથાજી,** ઉ.વ. ૩૨, બોરીજ
- **સ્વ.ઠાકોર પ્રબાબુબેન જવાનજી,** ઉ.વ. ૬૨, ચિલોડા
- **સ્વ. રાણા સોમાજી માધુજી,** ઉ.વ. ૯૨, ધરમપુર, ભૂંડીયા